# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E-mail : gpcc1234@gmail.com

તા. ૧૭.૦૩.૨૦૨૬

**અખબારી યાદી**

- **યુદ્ધના લીધે ગુજરાત-ભારતના એક્સપોર્ટરો અને ફ્રેઈટ ફોરવર્ડર્સ ઉપર લાગ્યું વોર રિસ્ક સરચાર્જનું ગ્રહણ**
- **૨૦ ફૂટના કન્ટેનર દીઠ ૨૦૦૦ ડોલર અને ૪૦ ફૂટના કન્ટેનર દીઠ ૪૦૦૦ ડોલર વધારાના ચુકવવા પડશે.**
- **યુદ્ધ શરુ થાય પહેલા નીકળેલા જહાજો ઉપર વોર રિસ્ક સરચાર્જ લાદી દેવામાં આવ્યો છે.**
- **ગુજરાત રાજ્યના ૧૨૦૦૦ કન્ટેનરથી વધુ વોર કન્ટિજન્સી રિકવરીમાં અટવાયા.**
- **ગુજરાતના એક્સપોર્ટરો અને ફ્રેઈટ ફોરવર્ડર્સને ૨૫૦ થી ૫૦૦ કરોડ રૂપિયાનું નુકશાન થશે.**
- **એસ એમ માહી નામના જહાજના ૨૬૭૭ કન્ટેનરોને દુબઈ પોર્ટ ઉપર ઉતારવાના હતા તેની જગ્યાએ સાઉદી અરેબિયાના જેદાહ પોર્ટ ઉપર ઉતારી દીધા.**
- **એસ એમ માહી જહાજના કન્ટેનરોને પાછા મુન્દ્રા પોર્ટ પર લાવવામાં આવશે કે બીજી કોઈ વ્યવસ્થા કરવામાં આવશે તે પ્રશ્ન માટે પણ એક્સપોર્ટરો અને ફ્રેઈટ કંપનીઓને ચિંતામાં છે.**
- **ઝોન્ગ ગુ નાંગ નામનું જહાજ જેની કેપેસિટી ૪૬૦૦ કન્ટેનરોની છે તે મુન્દ્રા થી ટ્રાન્ઝિટ થઇ હજી જવાહરલાલ નેહરુ પોર્ટ નવી મુંબઈ ઉપર છે. દરિયામાં ગયું નથી છતાં તેમના ઉપર વોર રિસ્ક સરચાર્જ લાગી ગયો છે.**
- **ભારતના આશરે ૪૦ થી વધુ શિપ માં ૮૦,૦૦ થી વધુ કન્ટેનરો અટવાયેલા હશે તેવો અંદાજ**
- **કોંગ્રેસ પક્ષ દ્વારા પોર્ટ અને શિપિંગ મંત્રીને દેશના એક્સપોર્ટરો અને કસ્ટમ હાઉસ એજન્ટો વતી કરોડો રૂપિયાના યુદ્ધના દંડથી બચાવવાં માટે રજૂઆત કરવામાં આવશે**

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે ઈરાન અમેરિકા - ઈઝરાયલ યુદ્ધનું સંકટ માત્ર ગેસ પૂરતું સીમિત નથી , ભારતના એક્સપોર્ટ કરનારા ધંધાર્થીઓ અને ફ્રેઈટ કંપનીઓ સંકટમાં આવી ગઈ છે. યુદ્ધના લીધે ગુજરાત-ભારતના એક્સપોર્ટરો અને ફ્રેઈટ ફોરવર્ડર્સ ઉપર લાગ્યું વોર રિસ્ક સરચાર્જનું ગ્રહણ. યુદ્ધથી સમગ્ર વિશ્વ કટોકટીમાં છે ત્યારે ભારતના એક્સપોર્ટરો ઉપર વોર કન્ટિજન્સી રિકવરીનું સંકટ આવીને ઊભું છે. શિપિંગ કંપનીઓ દ્વારા ૨૦ ડિવિ (ફૂટ)કન્ટેનર ઉપર ૨૦૦૦ ડોલર અને ૪૦ ડિવિ(ફૂટ) ઉપર ૪૦૦૦ ડોલરનો વધારો નાખી દેવામાં આવ્યો છે. ભારતનો મશીનરી, ગારમેન્ટ, ખાધ્ય સામગ્રી સહિત મોટા પ્રમાણમાં પશ્ચિમ એશિયાના દેશો જોડે એક્સપોર્ટનો વેપાર છે જેમાં યુ.એ.ઈ, સાઉદી અરેબિયા, બહેરીન, કુવૈત, કતાર અને ઇરાક જેવા દેશોનો સમાવેશ થાય છે. જ્યાં એક્સપોર્ટર્સ ઉપર એકબાજુ ૨૦૦૦ થી ૪૦૦૦ ડોલર વોર કન્ટીજન્સી રિકવરી નાખી

દેવામાં આવી છે ત્યાં બીજી બાજુ રિજિયોનલ કન્ટેનર લાઇન્સ દ્વારા શિપમેન્ટના જનરલ રેટ વધારી દેવામાં આવ્યા છે. જે શીપમેન્ટમાં ૨૦ જીપી ૩૦૦-૩૫૦ ડોલરથી દુબઈ ટ્રાન્સપોર્ટ થઇ જતા હતા તેમાં ૨૦૦૦ ડોલરનો વધારો કરી દેવામાં આવ્યો છે અને ૪૦ એચસી કન્ટેનરના શિપમેન્ટમાં ૪૦૦૦ ડોલરનો વધારો કરી નાખવામાં આવ્યો છે. યુદ્ધની કટોકટીના સમયમાં ભાવવધારો અને વોર રિસ્ક સર્જન્સીના લીધે એક્સપોર્ટર્સને કરોડો રૂપિયાનું નુકશાન થવાનું છે. નિર્ણય યુદ્ધની પરિસ્થિતિ માત્ર યુદ્ધની શરૂઆત થઈ તે બાદ પૂરતો સીમિત નથી તે પેહલા જે જહાજો નીકળીને દરિયાની વચ્ચે છે તેને પણ લાગુ કરવામાં આવ્યો છે, જેના બુકિંગ થઈ ગયા હોય તેને લાગું પડશે. ગુજરાત રાજ્યમાં ૬ થી ૭ જેટલા જહાજોમાં એક્સપોર્ટરોના ૧૨૦૦૦ કરતા વધુ કન્ટેનરોને ૨૫૦ કરોડ થી ૫૦૦ કરોડની વોર રિસ્ક સર્જન્સી ભરપાઈ કરવી પડશે. જો એક્સપોર્ટરો દ્વારા તે નહીં ભરપાઈ થાય તો તે ફ્રેઈટ કંપનીઓ એટલે  કસ્ટમ હાઉસ એજન્ટોના માથે આવશે. એક્સપોર્ટરો અને ફ્રેઈટ કંપનીઓ દુવિધામાં છે કેમ કે તેમના કન્ટેનરો જે પોર્ટમાં મોકલ્યા હોય તેની જગ્યાએ બીજા પોર્ટ પર ઉતારી દેવામાં આવ્યા છે તેવું કિસ્સો પણ સામે આવ્યું છે. એસ એમ માહી નામનું જહાજ જેની કેપેસિટી ૨૬૭૭ જેટલા કન્ટેનરોની હતી તે જહાજ દુબઇ જેબેલ અલી પોર્ટ ઉપર જવાનું હતું તેની જગ્યાએ કન્ટેનરો જેદ્દાહ પોર્ટ ઉપર ઉતારી દેવામાં આવ્યા છે. તે કન્ટેનરોને પાછા મુન્દ્રા પોર્ટ પર લાવવામાં આવશે કે બીજી કોઈ વ્યવસ્થા કરવામાં આવશે તે પ્રશ્ન માટે પણ એક્સપોર્ટરો અને ફ્રેઈટ કંપનીઓને ચિંતામાં છે. ઝોન્ગ ગુ નાંગ નામનું જહાજ જેની કેપેસિટી ૪૬૦૦ કન્ટેનરોની છે તે મુન્દ્રા થી ટ્રાન્ઝિટ થઇ હજી જવાહરલાલ નેહરુ પોર્ટ નવી મુંબઈ ઉપર છે. દરિયામાં ગયું નથી છતાં તેમના ઉપર વોર રિસ્ક સરચાર્જ લાગી ગયો છે.  શિપિંગ કંપનીઓ દ્વારા જે પ્રકાર સંકટના સમયનો દુરુપયોગ કરવામાં આવ્યો છે તે ચિંતાનો વિષય છે. સરકાર દ્વારા જે જહાજો યુદ્ધ શરૂ થાય તે પેહલા નીકળી ગયા હોય, મધદરિયે હોય તેમના ઉપરના વોર કન્ટીજન્સી રિકવરી ચાર્જ માટે યોગ્ય નિર્ણય લેવાય તો એક્સપોર્ટરોના ઉપર નખાયેલ કરોડો રૂપિયાના નુકશાનથી બચી શકે છે. દરિયાઈ શિપ ની કેપૅસિટી ૨૦૦૦ થી ૬૦૦૦ કન્ટેનરો લઈ જવાની હોય છે ત્યારે ભારતના આશરે ૪૦ થી વધુ શિપ માં ૮૦,૦૦ થી વધુ કન્ટેનરો અટવાયેલા હશે તેવું વિદ્વાનોનું માનવું છે. ટ્રાન્ઝિટમાં હોય તેવા કન્ટેનરો ઉપર કરોડો રૂપિયાના ચાર્જ ઉપર સરકારે વિચારવું જોઈએ. કોંગ્રેસ પક્ષ દ્વારા પોર્ટ અને શિપિંગ મંત્રીને દેશના એક્સપોર્ટરો અને કસ્ટમ હાઉસ એજન્ટો વતી કરોડો રૂપિયાના યુદ્ધના દંડથી બચાવવાં માટે રજૂઆત કરવામાં આવશે અને કોંગ્રેસનું શીર્ષ નેતૃત્વ એક્સપોર્ટ સેક્ટર સાથે જોડાયેલા લોકો ઉપર કટોકટીના લીધે કરોડો રૂપિયાના અણધાર્યા બોજ માટે સંસદમાં રજૂઆત તેવા પ્રયાસો કરશે.

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા
મો. 9898134146